# દસકાનો સૌથી ગરમ ઉનાળો ગાંધીનગરે અનુભવ્યો : ગરમીએ પણ વિક્રમ બનાવ્યો



ગાંધીનગર, તા. ૧૧

સતત વિવાદોમાં રહેતા પાટનગરે આ વખતે રાજ્યમાં ગરમીને લઈ પોતાના નામે એક નવો વિક્રમ બનાવ્યો છે.

ઉનાળામાં આરંભથી જ ૪૦ ડિગ્રીનું તાપમાન ચોમાસાના આગમન સુધી નોંધાયુ એટલુ જ નહિ યલો એલર્ટ પણ ગરમીને પગલે આ નગરને મળ્યુ હતુ.

ગાંધીનગરમાં આ ઉનાળામાં સૌથી વધુ ગરમી નોંધાતા વીજળીની માંગ અને પાણીની માંગમાં પણ સતત વધારો થવા પામ્યો હતો. ગાંધીનગર શહેર જ નહિ પરંતુ સમગ્ર જિલ્લામાં ગરમીનો પ્રકોપ પહેલીવાર આટલો બધો નોંધાતા જનજીવન પર તેની વિપરીત અસરો પણ પડી છે.

ગરમીની આ સિઝનમાં કમળો, કોલેરાના કેસો ઉપરાંત એચ૧ એન૧ ના કેસો પણ નોંધાયા છે જેને લઈ પણ ચર્ચાઓ આરોગ્યતંત્રમાં થઈ છે. ગાંધીનગર જિલ્લામાં ગરમીથી ત્રાહિમામ લોકોએ આ વખતે ફરવા જવાનુ ટાળ્યુ હતુ.

ગરમીએ આ વખતે જે રેકર્ડ બનાવ્યો છે તેના કારણો અંગે લોકોમાં તરેહતરેહની ચર્ચાઓ સાંભળવા મળી છે. વૃક્ષોની શહેરમાં ઘટેલી સંખ્યા એ સૌથી અગ્રેસર કારણ રહ્યુ છે. તો ક્યાંક ક્યાંક ક્લાઈમેટ ચેઈન્જની અસર હોવાની વાતો પણ સાંભળવા મળી હતી.

ગાંધીનગર શહેરે ગ્રીનસીટીનો દરજ્જો ગુમાવ્યા પછી છેલ્લા એક દસકમાં સૌથી વધુ ગરમી આ ઉનાળામાં નોંધાઈ છે એ પણ હકીકત છે.

# ગ્રામસભાઓમાં ૩૬૨ પૈકી ૧૫૪ પ્રશ્નો વણઉકલ્યા

## ગ્રામજનોની પાંખી હાજરી વચ્ચે અભિયાન સંપન્ન : સૌથી વધુ પ્રશ્નો કલોલ તાલુકામાં રજુ થયા : સૌથી ઓછા દહેગામમાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સંપન્ન થયેલ ગ્રામસભા અભિયાનમાં ૩૬૨ પ્રશ્નો રજુ થયા હતા જે પૈકી ૧૫૪ જેટલા પ્રશ્નો વણઉકલ્યા રહ્યા છે અને પડતર એવા આ પ્રશ્નો જિલ્લાકક્ષાએ મોકલી આપવામાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની પેટા-ચૂંટણીઓ સાથે યોજાયેલ આ ગ્રામસભા અભિયાનમાં માત્ર ૧૭૮ ગોમાં ગ્રામસભા યોજાઈ હતી. ૧૧૬ ગામોમાં પંચાયતોની પેટાચૂંટણીઓને પગલે ગ્રામસભાઓ યોજવામાં આવી ન હતી.

ગ્રામસભા અભિયાનમાં લોકોનો પ્રતિસાદ નબળો રહેવા પામ્યો છે. જેમાં ૧૬,૬૬૧ પુરૂષ અને ૬૮૮૧ મહિલાઓ મળી કુલ ૨૩,૫૪૨ લોકોએ હાજરી આપી હતી.

આ ગ્રામસભા અભિયાનમાં કુલ ૩૬૨ પ્રશ્નો રજુ થયા હતા. જેમાં સૌથી વધુ પ્રશ્નો કલોલ તાલુકામાં રજુ થયા હતા. આ તાલુકામાં ૧૮૨ પ્રશ્નો રજુ થયા હતા. આ પછી ગાંધીનગર તાલુકામાં ૭૩, માણસામાં ૬૯ અને દહેગામમાં ૩૮ પ્રશ્નો રજુ થયા હતા.

રજુ થયેલા આ પ્રશ્નો પૈકી સૌથી વધુ પ્રશ્નોનો ઉકેલ ગાંધીનગરમાં આવ્યો છે. ૪૬ પ્રશ્નોનો ગ્રામસભામાં જ ઉકેલ આવ્યો હતો. આ પછી કલોલમાં ૪૩, દહેગામમાં ૩૨ અને માણસામાં ૧૧ પ્રશ્નોનો ઉકેલ આવ્યો હતો. જે ૧૩૨ થવા જાય છે. ૭૭ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો હતો. જ્યારે ૧૫૩ પ્રસ્નો પડતર રહેવા પામ્યા હતા.

પડતર રહેલા પ્રશ્નોમાં સૌથી વધુ કલોલ તાલુકાના ૭૧, ગાંધીનગરના ૨૪ અને માણસાના ૩૮ પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ અભિયાનમાં જે પ્રશ્નો રજુ થયા હતા તેમાં પંચાયતને લગતા ૫૯,

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામસભા અભિયાનનો બીજો તબક્કો ૨૨મી પછી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો બીજો તબક્કો ૨૨મી પછી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના જે ૧૧૬ ગામોમાં પંચાયતોની પેટા-ચૂંટણીને પગલે ગ્રામસભાઓ મુલ્તવી રાખવામાં આવી હતી તે હવે પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા ૨૨મી સુધીમાં પૂર્ણ થયા બાદ પુનઃ હાથ ધરવામાં આવશે.

આ નવા આયોજનની કામગીરી હાથ ધરવાના સંકેતો તાલુકા કક્ષાએ આપી દેવામાં આવ્યા છે. જે હવે ૧૭મી પછી આખરી કરી આયોજનની વિગતો મોકલી આપવા જણાવવામાં આવશે. હવે પછી ગ્રામસભાઓ યોજાવાની છે તેમાં ગાંધીનગરના ૩૦, દહેગામના ૪૭, કલોલના ૨૯ અને માણસાના ૧૭ ગામોનો સમાવેશ થાય છે.

# ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા થતી ભરતી પ્રક્રિયાની પારદર્શકતા પર ઘેરી શંકા

## આજે લેવાયેલી સબ ઓડિટરની પરીક્ષામાં ગાંધીનગરની જ ઉમેદવારને સીલપેક પેપરમાં બ્લ્યુ પેનથી પ્રશ્નો ઉપર કરેલા ટીકમાર્ક મળતા હોબાળો

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયમાં સરકાર દ્વારા લેવાતી ભરતી પરીક્ષામાં પેપર લીક સહિતના અનેક છબરડા સામે આવ્યા છે. હજુ તો થોડા સમય અગાઉ બનેલુ તલાટી કૌભાંડ નાગરિકોના માનસ પટલ પરથી ભુસાયુ નથી ત્યારે આજે ફરી એકવાર ભરતી બોર્ડ પર શંકા ઉપજાવતો કિસ્સો સબ ઓડિટરની પરીક્ષામાં બહાર આવ્યો છે.

ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા આજે વર્ગ-૩ની સબ ઓડિટરની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. આ પરીક્ષામાં ગાંધીનગરની એક મહિલા ઉમેદવાર પણ પરીક્ષા આપવા બેઠી હતી. પરીક્ષા શરૂ થતા યુવતીના હાથમાં પેપર આવ્યુ તે પેપર અગાઉથી જ બોલપેનથી ટીકમાર્કવાળુ નીકળતા સુપરવાઈઝર સહિત અન્ય ઉમેદવારો રિતસરના ચોંકી ઉઠ્યા હતા. આ પ્રકારની ઘટના બનતા ભરતીમાં કૌભાંડની શંકાઓ વધુ પ્રબળ બની છે.

પરીક્ષા દરમિયાન બનેલી આ ટીકમાર્કવાળા ઘટનામાં તુરંત ગૌણસેવા પસંદગી સમિતિના ડે. સેક્રેટરી દોડી આવ્યા હતા અને યુવતીનુ પેપર બદલી આપી ચૂપચાપ સ્થળ પરથી રવાના થઈ ગયા હતા.

નોંધનીય બાબત એ છે કે પેપરનુ બંચ સીલપેક છે તેની ખરાઈ માટે સુપરવાઈઝર દ્વારા જે બે ઉમેદવારોની સહી કરાવવામાં આવી હતી. તે પૈકીની જ એક ઉમેદવારના જ હાથમાં આ સીલપેક હોવા છતા ટીકમાર્કવાળુ પેપર આવતા હાલ આ મુદ્દો ચર્ચાની ચકડોળે ચઢ્યો છે અને ગૌણસેવા આ મામલે ઈન્કવાયરી કરી રહી છે.

ગુજરાત રાજ્યમાં અગાઉના ઘણા વર્ષોથી સરકારી કચેરીમાં નોકરી માટે મોટા પાયે વિવિધ ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાઓ લેવામાં આવે છે ત્યારે આ ભરતીબોર્ડમાં ગૌણસેવા વારંવાર વિવાદોમાં જ રહે છે. થોડા સમય અગાઉ એટલે કે વર્ષ ૨૦૧૪માં મોટુ તલાટી ભરતી કૌભાંડ પ્રકાશમાં આવ્યુ હતુ. ત્યારબાદ પેપર લીકની અનેક ઘટના તેમજ પેપરના પ્રશ્નોમાં છબરડા પ્રકાશમાં આવતા અનેકવાર રાજ્યવ્યાપી હોબાળા મચી ગયા છે. ત્યારે આજે વધુ એક આવો જ વિવાદીત કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આજે રાજ્યવ્યાપી સબ ઓડિટરની ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનુ આયોજન કરાયુ હતુ. જેમાં ગાંધીનગર નજીક ચાંદખેડા એન્જીનીયરીંગ કોલેજમાં પણ આ પરીક્ષા લેવાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર



રોડ બેરીયર તુટી ગયું : ગાંધીનગર પ્રવેશ દ્વાર પર રેલીઓ અને મોરચાઓને નિયંત્રિત કરવા ચારેય દિશાઓમાં રોડ બેરીયર લગાવાયા છે... રેડ એલર્ટ સમયે પણ ચેકીંગમાં રોડ બેરીયર પૂરક બની જાય છે... પરંતુ ઘ-૦ પાસે રોડ બેરીયર હમણાં તુટી ગયું છે... ક્યારે દુરસ્ત થશે એ તો તંત્ર જાણે હમણાં જો કોઈ આકસ્મિક સંજોગો સર્જાય તો પોલીસ માટે પ્રવેશ નિયંત્રણ પડકાર બની શકે...

# સાયન્સ સ્કૂલોમાં આજથી અનામત કેટેગરીમાં પ્રવેશ

અમદાવાદ, તા.૧૧

ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટે સ્કૂલોએ પોતાની સ્કૂલના વિદ્યાર્થી અને અન્ય સ્કૂલના વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી દીધા બાદ હવે સોમવારથી સાયન્સ સ્કૂલોમાં વર્ગદીઠ અનામત કેટેગરીના ૧૬ વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેના માટે સોમવાર અને મંગળવાર એમ બે દિવસ શહેરની આઠ સ્કૂલોમાંથી વિદ્યાર્થીઓને ફોર્મ મળી શકશે. વિદ્યાર્થીઓએ તેમના આ ફોર્મ એ જ દિવસે ભરીને સ્કૂલોમાં સબમીટ કરી દેવાના રહેશે. બે દિવસ ફોર્મ વિતરણ અને સ્વીકારવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તા.૧૯મી જૂનના રોજ ડીઈઓ કચેરી દ્વારા અનામત કેટેગરીના ૧૬ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ, ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટે કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેર અને ગ્રામ્યની કુલ ૧૭ હજાર સાયન્સની બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ હતી. સૌપ્રથમ સ્કૂલોએ પોતાના ૪૦ વિદ્યાર્થીઓ અને અન્ય સ્કૂલના ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં સ્કૂલો દ્વારા તબક્કાવાર ત્રણ મેરિટલીસ્ટ જાહેર કરી વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા.



કામગીરી ખોરંભે - નવા ગાંધીનગરમાં ટ્રાફીકથી ધમધમતા વિસ્તારમાં સર્કલ બનાવવાની કામગીરી કેટલાય વખતથી ખોરંભે પડી છે... રિલાયન્સ ચોકડી પર સર્કલ બનાવવાના અમલનો આરંભ થયો પરંતુ કોઈ અગમ્ય કારણોસર છેલ્લા બે સપ્તાહથી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે... નવા ગાંધીનગરના રહેવાસીઓને એમ લાગતું કે ટ્રાફીક નિયમનમાં સર્કલ ખૂબ જ ઉપયોગી થશે... વાહન ચાલકો પણ ઉત્સાહિત હતા... પરંતુ તંત્ર દ્વારા નિર્માણ પામી રહેલ સર્કલની કામગીરી અટકી પડતા નવા ગાંધીનગરમાં નિરાશા વ્યાપી છે...

# કોંગ્રેસ ગાંધીનગરની બે બેઠકોના કાર્યકરોને બુથ સશક્તિકરણની તાલિમ અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાની વિધાનસભાની બે બેઠકો માટે બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે કેન્દ્રીય અને પ્રદેશના નિરીક્ષકોની હાજરીમાં તાલિમ આપવામાં આવશે.

આગામી વિધાનસભાની ચૂંટણીનાં જગને જીતવા માટે ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ વિધાનસભાના પ્રત્યેક બુથ પ્રમુખ અને સદસ્યોને તાલીમ આપવાનો કાર્યક્રમ આવતીકાલે તારીખ ૧૨-૬-૨૦૧૭ સોમવારના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ શ્રીમતી વર્ષાતાઈ ગાયકવાડ, ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, લોકસભા નિરીક્ષકો સાગરભાઈ રાયકા અને ડૉ. દિનેશભાઈ પરમાર, જિલ્લા નિરીક્ષકો બલવંતસિંહ રાજપૂત અને રમેશભાઈ દેસાઈ, શહેર નિરીક્ષકો ડૉ. જીતુભાઈ પટેલ અને ગાયત્રીબા વાઘેલા, વિધાનસભા નિરીક્ષકો જે.એમ. ત્રિવેદી અને અરવિંદસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા માટે સવારે ૧૦ કલાકે અને ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભા માટે બપોરે ૧૨ કલાકે યોજાશે. જેથી ગાંધીનગર ઉત્તર વિધાનસભાના બુથ કાર્યકરો અને આગેવાનોએ સવારે ૧૦ કલાકે અને દક્ષિણ વિધાનસભા બુથ કાર્યકરો અને આગેવાનોએ બપોરે ૧૨ કલાકે સાથી મિત્રો ઉપરાંત યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ, મહિલા કોંગ્રેસ, સેવાદળ અને વિવિધ સેલ-વિભાગના હોદ્દેદારોએ મોટી સંખ્યામાં સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ઉપસ્થિત રહેવા ગાંધીનગર તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુજી ઠાકોર અને ગાંધીનગર ઝોન-૧ પ્રમુખ તેજાભાઈ દેસાઈ અને ઝોન-૨ પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડાએ અખબારી યાદીમાં જણાવાયું છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ભી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com